


Design By : Banas Dairy Media

પ્રકાશન :- ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best

બનાસની ધરતીનો
# ધબકાર

અંક: ૨૨ | નવેમ્બર - ૨૦૨૪ www.banasdairy.coop banasdairy1969 banasdairy1969 banasdairy1969 banasdairymedia

**ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ કરી ભીલડી ખાતે રૂ. ૩૨૮.૭૭ કરોડના ખર્ચે નિર્મિત થનાર બનાસ બોવાઈન બ્રીડિંગ એન્ડ રીસર્ચ સેન્ટર (BBBRC) નાં નિર્માણ કાર્યની પૂજાવિધિ**

**ભારતફૂલ મહોત્સવમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ રજુ કર્યા બનાસ ડેરીના સફળતાના સિદ્ધાંતો.**

**બનાસ સૈનિક સ્કૂલ: શિક્ષણ અને શિસ્તબદ્ધ વિકાસનું અદ્ભુત પાયાનું કેન્દ્ર**



# ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ કરી ભીલડી ખાતે રૂ. ૩૨૮.૭૭ કરોડના ખર્ચે નિર્મિત થનાર બનાસ બોવાઈન બ્રીડિંગ એન્ડ રીસર્ચ સેન્ટર (BBBRC) નાં નિર્માણ કાર્યની પૂજાવિધિ

**બનાસ ડેરી દ્વારા ભીલડી ખાતે વૈજ્ઞાનિક પદ્ધતિઓથી પશુપાલન અને પશુસંવર્ધનને વેગ આપવા BBBRC પ્રોજેક્ટ શરૂ કરાયો.**

**સહકારી ક્ષેત્રના વિકાસ માટે કાર્યરત બનાસ ડેરીના ઉદ્દેશ્યને રેખાંકિત કરાયો.**

**બનાસ ડેરીનો આ પાયલોટ પ્રોજેક્ટ પશુસંવર્ધન અને "સહકારથી સમૃદ્ધિ" ની પરિકલ્પનાને સાકાર કરશે: ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી**





યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સહકારી ક્ષેત્રને સશકત, સક્ષમ અને સ્વાવલંબી બનાવવા રાષ્ટ્રને આપેલી "સહકારથી સમૃદ્ધિ" ની પરિકલ્પનાને સાકાર કરવા તેમજ ટેક્નોલોજીનાં માધ્યમથી પશુપાલન વ્યવસાય અને પશુસંવર્ધનને વેગ આપવાના ઉદેશ્ય સાથે બનાસ ડેરી દ્વારા ભીલડી ખાતે નિર્મિત થનાર બનાસ બોવાઈન બ્રીડિંગ એન્ડ રીસર્ચ સેન્ટર (BBBRC) નાં નિર્માણ કાર્યની માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનાં શુભહસ્તે પૂજાવિધિ કરવામાં આવી. આ પ્રસંગે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે બનાસ ડેરીનો આ પાયલોટ પ્રોજેક્ટ પશુસંવર્ધન અને "સહકારથી સમૃદ્ધિ" ની પરિકલ્પનાને સાકાર કરશે. સહકારી ક્ષેત્રના વિકાસને નવી ગતિ આપવા, વધુ મજબૂત અને સર્વસ્પર્શીય તેમજ સર્વસમાવેશી વિકાસ મોડેલ બનાવવા માટે બનાસ ડેરી દ્વારા સતત કામ કરવામાં આવી રહ્યું છે. બનાસ ડેરીનું સહકારી મોડલ અને તેની ભાવના ન માત્ર બનાસકાંઠા માટે, પરંતુ સમગ્ર દેશ માટે પ્રેરણાદાયી છે.

ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ૧૫ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ બનાસ ડેરી સંકુલ, દિયોદર ખાતેથી પાયલોટ પ્રોજેક્ટ ભીલડી ખાતે નિર્મિત થનાર BBBRC નું ઇ ખાતમુહૂર્ત અને ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ભારતીય નસલની ગાયો/ભેંસોની દૂધ ઉત્પાદકતામાં ઝડપભેર પ્રથમ વેતરથી જ નોંધપાત્ર વધારો કરવો આજની તાતી જરૂરીયાત છે.



જે માટે સ્થાનિક ઓલાદની જાળવણી અને વિકાસ જેવી બાબતોને પ્રાથમિકતા આપી વિશેષ ધ્યાન આપવું જરૂરી છે. ઘનિષ્ઠ અને વૈજ્ઞાનિક ધોરણે સ્થાનિક ઓલાદોની જાળવણી અને વિકાસ કરવાનાં હેતુસર ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી દ્વારા ભીલડી ખાતે રૂ. ૩૨૮.૭૭ કરોડના ખર્ચે બનાસ બોવાઈન બ્રીડિંગ એન્ડ રીસર્ચ સેન્ટર (BBBRC) નું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. બનાસ બોવાઈન બ્રીડીંગ એન્ડ રીસર્ચ સેન્ટર (BBBRC) એ બોવાઈન બ્રીડીંગ એન્ડ રીસર્ચ માટે નેશનલ સેન્ટર ફોર એક્સેલન્સ છે. ગાય અને ભેંસની સ્વદેશી દુધાળા જાતિઓ જેમ કે - કાંકરેજ, ગીર, સાહિવાલ, થરપારકર, રાઠી, લાલ સિંધી, મુર્રાહ, મહેસાણી અને બન્નીના સંરક્ષણ અને અપગ્રેડેશન માટે બનાવવામાં આવનાર છે. આ વિવિધ જાતિઓની ઉચ્ચ કક્ષાની માતાઓમાંથી વાર્ષિક ૭-૧૦ હજાર ભ્રૂણ ઉત્પન્ન કરવાનો અંદાજ છે. આગામી પેઢીમાં આ જાતિઓની સંખ્યામાં ક્વૉન્ટમ લીપ પેદા કરવાના ઉદ્દેશ્ય માટે ઇન વિટ્રો ફર્ટિલાઇઝેશન માટેની આ વિશ્વ કક્ષાની સુવિધા ઊભી કરવામાં આવશે.



આ પ્રોજેક્ટમાં કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય ગોકુલ મિશન યોજના અંતર્ગત રૂ.૪૧.00 કરોડની સબસીડી મંજુર કરવામાં આવી છે. BBBRC પ્રોજેક્ટ માટે ભીલડી ખાતે કુલ ૨૩૫ વીઘા જમીનની ખરીદી કરવામાં આવેલ છે. તેમાંથી અંદાજીત ૧૭૫ વીઘા જમીન પર પશુઓ માટે ઘાસચારો ઉગાડવામાં આવશે. તેમજ ઘાસચારા ઉત્પાદન માટે જૈવિક સુરક્ષા સાચવવાના હેતુસર વધુમાં વધુ મિકેનાઈઝેશન કરવામાં આવશે. પ્રોજેક્ટ અંતર્ગત ૫000 ક્યુબિક મીટર પ્રતિ દિવસ કાચો ગેસ અથવા પ્રતિ દિવસ ૧00 ટન છાણની ક્ષમતા ધરાવતો બાયોગેસ પ્લાન્ટ નું નિર્માણ થશે. તે સિવાય એક અધતન મિલ્ક પાર્લર અને બલ્ક મિલ્ક કુલરની પણ સગવડ ઉભી કરાશે.

ભીલડી ખાતે ગર્ભ-પ્રત્યારોપણની અત્યાધુનિક લેબ બનાવવાની કામગીરી એનડીડીબી,આણંદના ટેકનિકલ તેમજ ભારત સરકારશ્રીના આર્થિક સહયોગથી તા.0૭/૧૧/૨0૨૪ ના રોજ શરૂ કરવામાં આવી છે, જેની પૂજાવિધિ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના વરદ્હસ્તે કરવામાં આવી હતી અને આ માટે એનડીડીબી સાથે ટર્ન-કી બેઝીઝથી કામગીરી એક વર્ષમાં પૂર્ણ થયેલ છે. લેબોરેટરીની કામગીરી ચાલુ થવાથી ભારતભરની અલગ અલગ દેશી નસ્લની ગાયો તથા ભેંસો ના પ્રથમ વર્ષે ૪000 ગર્ભ અને પછીના વર્ષોમાં દર વર્ષે ૧0,000 સુધી ગર્ભ બનાવી જિલ્લાની દૂધ મંડળીઓના દૂધ ઉત્પાદકોના ઓછું દૂધ આપતા ગાય અને ભેંસ વર્ગના પશુઓમાં ટ્રાન્સફર કરીને આગળની પેઢીમાં વધુ દૂધ ઉત્પાદન કરતા પશુઓ પેદા કરવાનું આયોજન કરેલ છે. ભીલડી ખાતેની લેબોરેટરીનું નિર્માણ થાય ત્યાં સુધી રૈયા ફાર્મ ખાતે કન્ટેનરમાં ટેમ્પરરી લેબોરેટરી બનાવી તેમાં એક મહિનામાં ૫00 (પાંચસો) ગર્ભ બનાવવાનું આયોજન કરેલ છે અને તેનાં માટે જરૂરી બધાજ સાધનોની ખરીદી માટેની પ્રોસેસ પૂર્ણ થવાનાં આરે હોઈ નવેમ્બર માસના અંત સુધીમાં ગર્ભ પ્રોડકશનની કામગીરી ચાલુ કરવામાં આવશે. આ ઉપરાંત રૈયા ફાર્મ ખાતે વધુ દૂધ આપતી કાંકરેજ અને ગીર ગાયોમાંથી ગર્ભ બનાવી ઓછું દૂધ આપતી ગાયોમાં ગર્ભ-પ્રત્યારોપણ કરી પ્રાયોગિક ધોરણે ૨૫ કાંકરેજ અને ૨૫ ગીર ગાયો ના બચ્ચાં પેદા કરવાનું પ્લાનિંગ કરી દીધેલ છે.

બનાસ ડેરીનું કો-ઓપરેટીવ મોડલ આખા દેશ માટે પ્રેરણાદાયી છે. સહકારી ક્ષેત્રમાં રહેલી સામાજિક અને આર્થિક વિકાસની પ્રગતિની તકોને ઓળખીને બનાસ ડેરી દ્વારા પશુપાલકો કલ્યાણ અર્થે કાર્ય કરાઈ રહ્યાં છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહજીનું માર્ગદર્શન હંમેશા બનાસ ડેરીને મળતું રહ્યું છે, જેના થકી આજે સહકારી ક્ષેત્રમાં બનાસ ડેરી અનેક લોકો માટે પ્રેરણાસ્ત્રોત બની છે. આ પ્રસંગે બનાસ ડેરીનાં નિયામક મંડળના સભ્યશ્રીઓ, સહકારી આગેવાનો, પશુપાલક અને ખેડૂત મિત્રો સહીત સંઘના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નૂતનવર્ષ નિમિતે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં બનાસ ડેરીના પટાંગણમાં યોજાયો સ્નેહમિલન સમારોહ

**દુનિયાની અંદર વધારે શક્તિશાળી, પ્રજા કલ્યાણનું કામ કરવા વાળી, સૌથી વધારે લોકોને ફાયદો આપવા વાળી સહકારિતા હોય તો તે બનાસકાંઠા જિલ્લામાં છે**
**શ્રી શંકરભાઈ ચૌધરી (ચેરમેન, બનાસ ડેરી)**

નૂતન વર્ષ નિમિતે બનાસડેરીના પટાંગણમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં જિલ્લાના દૂધ ઉત્પાદકો, આગેવાનો અને કર્મયોગી કર્મચારીઓ હાજર રહ્યા હતા. ચેરમેનશ્રીએ સર્વને દિવાળી તેમજ નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે બનાસડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ સૌને સંબોધતા જણાવ્યું કે પશુપાલકો આપણા જિલ્લા, રાજ્ય અને દેશના સાચા આધારસ્તંભ છે. તમે જે કરશો, તે માત્ર તમારા માટે જ નહીં, પણ સમગ્ર સમાજ માટે મહત્વપૂર્ણ છે. તમારો કઠિન પરિશ્રમ અને પશુપાલન વ્યવસાયના કારણે, આ ધરતી પર જીવન સતત આગળ વધી રહ્યું છે. દૂધ ઉત્પાદન અને ડેરી ઉદ્યોગ ક્ષેત્રમાં પશુપાલકોનું યોગદાન અમૂલ્ય છે. પશુપાલકો દ્વારા ઉછેરાયેલા પશુ માત્ર પેટ માટે આહાર પૂરું પાડે છે એવું જ નહીં, પરંતુ આપણા આર્થિક વ્યવસ્થાનો મુખ્ય સ્તંભ પણ છે. એ જ પશુઓ એ ગુજરાતને અને સમગ્ર દેશમાં દુધ ઉત્પાદનમાં નામના અપાવી છે. આજના સમયમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરવાથી વધુ પ્રગતિ કરી શકાય છે. પશુપાલકોએ પશુઓની સંભાળ માટે નવી પદ્ધતિઓ અપનાવો અને આરોગ્ય સંબંધી ચકાસણી આપવામાં શ્રેષ્ઠતા લાવવી જોઈએ. બિમારીઓથી બચવા માટે પશુઓના આરોગ્ય પર ખાસ ધ્યાન આપો. તમારા જીવનમાં ઘણાં પડકારો આવશે, પરંતુ તમારું કામ તમારી શ્રદ્ધા અને ધીરજ પર આધાર રાખે છે. જ્યાં તમે મજૂરી અને પ્રેમથી પશુ ઉછેરો છો, ત્યાં ભગવાન તમને પણ સમૃદ્ધિથી ભરી દેશે. 'નવા વર્ષે કેટલાક નવા કામો આપણે સૌએ કરવા પડશે. સહકારિતા દેશમાં અને દુનિયામાં બહુ ઓછી જગ્યાએ છે. દુનિયામાં સૌથી વધારે શક્તિ વાળી સહકારિતા હોય તો તે ભારતમાં છે.








ભારતની અંદર સૌથી વધારે તાકાત ધરાવતી અને લોકકલ્યાણનું કામ કરતી હોય તે સહકારિતા ગુજરાતમાં છે અને હું ગૌરવ સાથે કહી શકું છું કે ગુજરાતની અંદર વધારે શક્તિશાળી, પ્રજા કલ્યાણનું કામ કરવા વાળી, સૌથી વધારે લોકોને ફાયદો આપવા વાળી સહકારિતા હોય તો તે બનાસકાંઠા જિલ્લામાં છે. આપણે માત્ર ગુજરાત કે ભારતની અંદર જ નહિ પણ આખી દુનિયાની અંદર એક મોડલરૂપ તરીકે અને સૌ સાથે મળીને ચાલી શકીએ, સાથે મળીને નિર્ણય કરી શકીએ એવી સહકારિતાની ભાવના કેળવી છે. પૂર્વજોના પુણ્યના કારણે આપણે આ કામ આગળ વધારી શક્યા છીએ. આ સહકારિતાને કોઈની નજર ના લાગી જાય એનું ધ્યાન દરેકે રાખવાનું છે અને સતત ચિંતા કરવાની છે. સહકારિતા બળવત્તર હશે તો પ્રજાનું ભલું થશે, સહકારિતા બળવત્તર હશે તો કલ્યાણનું કામ થશે. આ સહકારિતાની ભાવનાને સદાય આગળ રાખવા આપણે બધાએ ભેગા થઇ આગળ વધવું પડશે. આ દૂધના વ્યવસાયને એ રીતે આગળ વધારીએ કે દુનિયા આપણે ત્યાં શીખવા માટે આવે. આજે દુનિયાને આશાનું કિરણ બંધાયું છે કે આજે આ એક કોર્પોરેટ જગત, મોટી મોટી કંપનીઓની સામે નાના નાના લોકો ભેગા થઈને કોઈ વસ્તુ બનાવી શકે એવું મોડલ દુનિયા સમક્ષ આપણે મૂક્યું છે.

તેમણે વધુમાં કહ્યું કે હું ગામડામાં જાઉં છું ત્યારે સામાન્ય માણસ, સામાન્ય બહેન પણ "સાહેબ, ખુબ સારું કરો છો, દૂધના ભાવ આખું વર્ષ આવી રીતે ચાલુ રાખો છો" એમ કહીને આશીર્વાદ આપતી હોય છે. પહેલા શિયાળામાં પશુપાલકોને ડર લાગતો કે દૂધ વધવાના કારણે ભાવ ઘટી જશે પણ હવે ઘટતા નથી પરંતુ ઊંચા ભાવ સતત ચાલ્યા કરે છે. અત્યારે પણ શિયાળાની ઋતુ ચાલુ થઇ ગઈ છે પણ દૂધના ભાવ ઘટાડવાનું કામ આપણે નથી કર્યું.'

ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ સ્નેહમિલન સમારોહમાં આવેલા તમામને જોઈને કહ્યું 'બેસતા વર્ષના દિવસે આપ સૌ આગેવાનો, પશુપાલકો અને કર્મચારીઓએ પ્રેમ, સ્નેહ તથા આશીર્વાદ વરસાવ્યા તે બદલ સર્વેનો આભાર માનું છું. તમે સૌ લાગણી અને પ્રેમથી આવ્યા એ તમારો પારિવારિક ભાવ છે. આ પરિવારિકભાવને હું વંદન કરું છું. આ આપણા પ્રેમનો તાંતણો છે, આ આપણા સબંધનો સેતુ છે અને તેના કારણે જ એકબીજાનો સ્નેહ વધારે બળવત્તર બને છે.

નવા વર્ષના શુભ અવસરે શ્રી શંકરભાઈ ચૌધરીએ આવનાર સમયમાં પણ ખેડૂતો અને પશુપાલકોના હિત માટે કામ કરશે એવો સંકલ્પ તેઓશ્રીએ કર્યો હતો. 'પરમ કૃપાળુ પરમાત્મા સૌને ખુબ શક્તિ આપે, નવું બળ આપે, તમામ પ્રકારની પ્રગતિ કરો અને તન, મન, આત્મા - આ ચારેય સુખની પ્રાપ્તિ થાય સાથે બધાને લાંબુ તંદુરસ્ત આયુષ્ય આપે અને મન પણ પ્રફુલ્લિત રાખે, સૌનો વિકાસ થાય અને આત્મા પણ સદાય સંતુષ્ટ રહે અને પરમ સુખ પરમાત્મા આપે એવી પ્રાર્થના ચેરમેનશ્રી એ કરી હતી અને સૌને પુનઃ નવા વર્ષે, નવી ચેતના સાથે, નવા ઉમંગ સાથે હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવી હતી.

# ભારતકૂલ મહોત્સવમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ રજુ કર્યા બનાસ ડેરીના સફળતાના સિદ્ધાંતો.




**ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ મહોત્સવમાં મીડિયા અને વિવિધ ક્ષેત્રના આગેવાનોને સહકારી ઉદ્યોગની સિદ્ધિઓ તેમજ શ્વેતક્રાંતિની ગાથાથી માહિતગાર કર્યા.**

**ભારતકૂલ મહોત્સવ ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિ સાથે બાળકો અને યુવાનોને જોડવાનો એક પ્રયાસ છેઃ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી**

ગુજરાત મીડિયા ક્લબ દ્વારા અમદાવાદ ખાતે ૧૪ થી ૧૭ નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન આયોજિત ભાવ, રાગ અને તાલના ભારતકૂલ મહોત્સવમાં બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીએ પ્રતિનિધિત્વ કર્યું. તેઓશ્રીએ આકર્ષક પરફોર્મન્સ અને ઇન્ટરએક્ટિવ સેશન્સમાં સહભાગી થઈને સહકારી ક્ષેત્રમાં બનાસ ડેરીએ સર્જેલી શ્વેતક્રાંતિ, સ્વીટ ક્રાંતિ અને ડેરી ઉદ્યોગ સિવાયના અન્ય ક્ષેત્રમાં સર્જેલ સફળ કહાનીઓ સંદર્ભે મીડિયા સહિત વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિઓ સાથે સંવાદ સાધ્યો હતો તેમજ ડેરીના ઇ.ડી શ્રી બાજીયાજીએ પ્રેઝન્ટેશન રજુ કરીને બનાસ ડેરીની શરૂઆતથી લઈને અત્યારસુધી કરેલી પ્રગતીનાં આંકડાકીય માહિતી આપી હતી. ભારતકૂલ ફેસ્ટિવલમાં વૈવિધ્યસભર કાર્યક્રમો થકી ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિ સાથે બાળકો અને યુવાનોને જોડવાનો પ્રયાસ થઈ રહ્યો છે એવું ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું

અમદાવાદ ખાતે યોજાયેલ ચાર દિવસીય ભારતકૂલ મહોત્સવના તૃતીય દિવસે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પોતાની વાત રજૂ કરી. તેમણે મહોત્સવમાં મીડિયા અને અન્ય પ્રતિનિધિઓ સાથેના સંવાદ દરમિયાન જણાવ્યું કે દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શનમાં સહકારી ક્ષેત્રે કાર્ય કરતા ઉદ્યોગોને નવી દિશા મળી છે. તેઓએ ઉમેર્યું કે ડેરી ઉદ્યોગ એ માત્ર પશુપાલકો અને ખેડૂતો માટે જ નહીં, પરંતુ ભણેલા-ગણેલા અને મહેનત કરનારા લોકો માટે પણ એક સશક્ત માધ્યમ સાબિત થઈ રહ્યું છે. ડેરી દ્વારા દેશભરમાં સમૃદ્ધિ લાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. ચેરમેનશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા દશ વર્ષમાં બનાસ ડેરીએ દૂધ અને દૂધ ઉત્પાદનોથી આગળ વધીને વિવિધ નવા સાહસો શરૂ કર્યા છે, જેનાથી પશુપાલકો અને ખેડૂતો માટે આવકના નવા સ્ત્રોતો ઊભા થયા છે. બનાસ ડેરીએ અનેક નવતર પ્રયોગો અને અભિયાન શરૂ કરીને પોતાના કાર્યક્ષેત્રને વિસ્તૃત કર્યો છે. તેઓએ શ્વેતક્રાંતિને વધુ ઊંચાઈએ લઈ જવા ઉપરાંત માટી બચાવો અભિયાન, જળસંરક્ષણ અભિયાન, વૃક્ષારોપણ અભિયાન અને સીડબોલ અભિયાન જેવી પહેલો દ્વારા ગ્રામ્ય વિસ્તારોના જીવન ધોરણમાં સુધારવા કરવામાં આવેલ પ્રયાસો સંદર્ભે જણાવ્યું હતું. બનાસ ડેરીમાં નવા પ્રોજેક્ટ્સ અને નવતર સાહસો માટે શ્રેષ્ઠ માનવસંપત્તિ મેળવવા માટે દેશની શ્રેષ્ઠ સંસ્થાઓ જેમ કે આઈ.આઈ.એમ. જેવા સંસ્થાનમાંથી નિષ્ણાતોની નિમણુંક કરે છે. આ નવીનતા અને ગુણવત્તાવાળા માનવસંસાધન દ્વારા ડેરીમાં નવી ટેકનોલોજી અને વ્યવસ્થાઓ અમલમાં લાવવામાં આવી રહી છે.



તેઓએ સહકારી પ્રણાલીની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ નાખતા જણાવ્યું કે આ મોડલ ભારતીય આર્થિક વિકાસ માટે એક પ્રેરણાદાયી ઉદાહરણ છે. ડેરીએ પોતાનાં આર્થિક સાધનો અને સંસાધનોનો ઉપયોગ કરીને દેશના વિકાસમાં યોગદાન આપવાની દિશામાં ઘણા પ્રયત્નો હાથ ધર્યા છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ખાસ કરીને યુવાનોને પ્રેરિત કરતા જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને કલા સાથે મજબૂત જોડાણ તેમની તાકાત છે. ભારતકૂલ મહોત્સવ જેવા આયોજન દ્વારા યુવાનોને આ મૂલ્યો અને પરંપરાઓની ઊંડાણપૂર્વક જાણ થાય છે, જે તેમના જીવનમાં એક નવી દિશા આપી શકે છે. સહકારી ઉદ્યોગ અને ડેરી ઉદ્યોગ માત્ર ખેડૂતો માટે નથી, પરંતુ સમગ્ર સમાજના ઉન્નતી માટે એક મોટું યોગદાન છે. તેમણે ધ્યેય પ્રાપ્તિ સાથે સહકારના સિદ્ધાંતો પર આધારીત ઐતિહાસિક સફર માટે બધા ખેડૂતો અને પશુપાલકોનો આભાર ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ માન્યો હતો.

આ પ્રસંગે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ 'ભારતકૂલ' કાર્યક્રમ દ્વારા યુવા પેઢીને ભારતીય સંસ્કૃતિ, કલા અને વિચારોની ઊંડાણપૂર્વકની ઓળખ આપવા માટે આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું કે રાજ્ય સરકાર ભારતીય સંસ્કૃતિ, કલા અને સંગીતના પ્રસાર માટે સતત કાર્યરત છે. ભારતકૂલ કાર્યક્રમ દ્વારા ચાર દિવસ સુધી ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રનિર્માણ સંબંધિત વિવિધ વિષયો પર આયોજિત કાર્યક્રમો યુવાનો માટે અત્યંત ઉપયોગી સાબિત થશે અને વધુમાં વધુ યુવાનોને આ મંચનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.



# બનાસ બાયો CNG સ્ટેશન દામા ખાતે “અમૂલ ક્લીન ફ્યુઅલ બાઈક રેલી”નું ભવ્ય આગમન

## દેશમાં નવીન ગ્રીન ક્રાંતિના મંડાણ

---

**બનાસ ડેરીના બાયોગેસ પ્લાન્ટ દ્વારા જિલ્લાના પશુપાલકો ગોબરમાંથી રૂપિયા મેળવતા થયા.**

---

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પશુપાલકોની આવક બમણી કરવાના વિઝન ઓર્ગેનિક યાત્રામાં બનાસ ડેરીનું અમૂલ્ય યોગદાન**

---

**બનાસકાંઠા જિલ્લાના તમામ ગામોને ફાયદો થાય તે માટે વિસ્તાર પ્રમાણે બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરશે.**







પશુઓના છાણમાંથી ઉત્પન્ન થતા બાયો CNG માંથી કાર તો ચાલતી હતી, પરંતુ હવે બાઈક પણ દોડતી થઈ છે. બજાજ કંપની દ્વારા તૈયાર કરવામાં આવેલ CNG બાઈક દ્વારા  શ્વેતક્રાંતિના પ્રણેતા ડો.વર્ગીસ કુરિયનના જન્મ જયંતિના ભાગરૂપે ૨૬ નવેમ્બરે ઉજવાતા રાષ્ટ્રીય દૂધ દિવસ નિમિતે આયોજિત અને પુણેથી શરૂ થયેલ “અમૂલ ક્લીન ફ્યુઅલ બાઈક રેલી” નું બનાસ બાયો CNG સ્ટેશન, દામા ખાતે ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટર શ્રી સંગ્રામ આર. ચૌધરીજી તેમજ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર બ્રિગેડિયર વિનોદ બાજિયાજી દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ગોબરને બાયોગેસમાં રૂપાંતર કરવાની નવી ક્રાંતિને વેગ આપવા,  ડેરી પ્રવૃત્તિને વધુ પર્યાવરણલક્ષી અને ટકાઉ બનાવવા તેમજ પશુપાલકો અને ખેડૂતો માટે આવકનું નવુ સાધન તૈયાર કરવા માટે અમૂલ ક્લીન ફ્યુઅલ બાઈક રેલી એક આગવી પહેલ છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા દશ વર્ષમાં બનાસ ડેરી ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં દેશમાં સર્વપ્રથમ બનાસ બાયોગેસ CNG સ્ટેશન સ્થાપીને પશુઓના ગોબરમાંથી ગેસ ઉત્પન્ન કરીને 'વેસ્ટ' એટલે કે કચરામાંથી 'વેલ્થ' બનાવવાનાં યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનાં સ્વપ્નને સાકાર કરી રહી છે. પુણેથી શરૂ થયેલી “અમૂલ ક્લીન ફ્યુઅલ બાઈક રેલી” મહારાષ્ટ્ર અને ગુજરાતનાં કેટલાંક શહેરોમાં પ્રવાસ કરીને ૨૦ નવેમ્બરનાં રોજ બનાસ બાયોગેસ CNG પ્લાન્ટ, દામા ખાતે પહોંચી ત્યારે બનાસ ડેરીનાં ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટર શ્રી સંગ્રામ આર. ચૌધરી તેમજ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર  બ્રિગેડિયર વિનોદ બાજિયાએ ત્યાં ઉપસ્થિત રહીને રેલીનું ભવ્ય સ્વાગત કર્યું હતું અને રેલી દરમિયાન બાઈકમાં ગેસ ભરીને ટકાઉ ઉર્જાના મહત્વને રેખાંકિત કર્યું હતું.

બનાસ ડેરીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામ ચૌધરીએ જણાવ્યું કે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ખેડૂતોની આવક બમણી કરવા માટે કચરાને સંપત્તિમાં પરિવર્તિત કરવાની દિશામાં કરેલ આહ્વાન મુજબ પશુના છાણનું મૂલ્યવર્ધન કરીને ગોબરને 'ગોબરધન'માં રૂપાંતરિત કરવામાં આવે છે તેમજ ખેડૂતો અને પશુપાલકોની આવકમાં વધારો થાય તે માટે અમારા માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના પ્રેરક નેતૃત્વમાં અમને આ દિશામાં આગળ વધવાનું પ્રોત્સાહન મળતું રહે છે.

બનાસ ડેરી, અમૂલ અને દેશમાં સૌથી વધુ પ્રચલિત બજાજ બાઈકની કંપની બાઈક રેલીનાં આયોજન થકી સસ્ટેનેબલ ફાર્મીંગ તેમજ ડેરી ક્રાંતિનો સંદેશ સમગ્ર દુનિયામાં પ્રસરાવી રહી છે ત્યારે વર્તમાન સમયમાં બનાસ ડેરી એકમાત્ર સહકારી સંસ્થા છે, જે પશુનાં ગોબરમાંથી બાયો CNGનું ઉત્પાદન કરી ટકાઉ ઉર્જા ક્ષેત્રમાં આગળ છે.  દેશ અને દુનિયાના પ્રતિનિધિઓ બનાસ ડેરીના બાયો CNG પ્લાન્ટનાં અભ્યાસ અર્થે મુલાકાત કરીને પ્રેરણા મેળવી રહ્યાં છે. બાયો CNG એ ભારતનો અત્યંત ટકાઉ મોબિલીટી ફ્યુઅલ વિકલ્પ છે. અમૂલ ક્લીન ફ્યુઅલ બાઈક રેલીના ભાગરૂપે ગોગપુર ગામની મંડળીની મુલાકાત લેવામાં આવી અને ગામના પશુપાલનની વ્યવસ્થાનું નિરીક્ષણ કરવામાં આવ્યું. રેલીના રાઈડર શ્રી રિચર્ડ ક્રિસ્ટિયને બનાસકાંઠાનો અનુભવ વ્યક્ત કરતાં કહ્યું હતું કે "આજે અમે બનાસના ગામોના વિકાસને જોઈને અચરજ અનુભવ્યું છે. અહીં ગામ અને શહેર બંનેના લક્ષણો જોવા મળે છે. બનાસના ખેડૂત પોતાનું ગામડાનું જીવન જીવતાં જ ખેતી અને પશુપાલન કરીને આત્મનિર્ભર બનેલા છે અને સાથે સાથે શહેરની સરખામણીએ ગામડામાં પણ ઉત્તમ સુવિધાઓનો લાભ લઈ રહ્યા છે.”

“

# બનાસ બાયો CNG પ્લાન્ટ આશીર્વાદ સમાન

”

બનાસ ડેરી ખેડૂતો, પશુપાલકો અને ગામડાઓના વિકાસ માટે હંમેશા પ્રતિબદ્ધ રહી છે. બનાસ બાયોગેસ CNG પ્લાન્ટમાં ગોબરમાંથી ગેસ ઉત્પન્ન કરવામાં આવે છે અને તેને શુદ્ધ કરીને CNGમાં રૂપાંતરિત કરવામાં આવે છે. આ પ્રોજેક્ટ આવતાની સાથે પશુપાલકોને આર્થિક આવકની સાથે ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતાનું નવું વાતાવરણ સર્જાયું છે તેમજ બનાસકાંઠા જિલ્લાએ ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા તરફ પગલાં લેવાની સાથે સ્વચ્છ ઉર્જા ઉત્પાદન તરફ પણ સફળ શરૂઆત કરી છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ સ્વચ્છ ભારત, વેસ્ટ રિસાયક્લિંગ, પર્યાવરણની સુરક્ષા અને દેશના કાર્બન ફૂટ પ્રિન્ટને ઘટાડવા માટે ગોબરધન યોજના શરૂ કરવામાં આવી હતી, જે આજે બનાસ ડેરી થકી ખેડૂતોની આવક અને ગ્રીન એનર્જી વધારવાનો પર્યાય બની ગઈ છે. અમૂલ ક્લીન ફ્યુઅલ બાઈક રેલી એક અનોખો પ્રયાસ છે, ગોબરને બાયોગેસમાં રૂપાંતર કરવાની નવી ક્રાંતિ મારફતે ડેરી પ્રવૃત્તિને વધુ પર્યાવરણલક્ષી અને ટકાઉ બનાવવાનો તથા ડેરી ક્ષેત્ર સાથે જોડાયેલા પશુપાલકો તેમજ ખેડૂતો માટે આવકનો નવો સ્ત્રોત ઉભો કરવાનો એક પ્રયાસ છે.

બનાસ ડેરી, અમૂલ અને દેશમાં સૌથી વધુ પ્રચલિત કાર બ્રાન્ડ મારૂતિ સુઝુકી સાથે મળીને સસ્ટેનેબલ ફાર્મીંગ તેમજ ડેરી ક્રાંતિનો સંદેશ સમગ્ર દુનિયામાં પ્રસરાવી રહી છે, પરંતુ વર્તમાન સમયમાં બનાસ ડેરી એકમાત્ર સહકારી સંસ્થા છે, જે પશુનાં ગોબરમાંથી બાયો CNGનું ઉત્પાદન કરી ટકાઉ ઉર્જા ક્ષેત્રમાં આગળ છે. દેશ અને દુનિયાના પ્રતિનિધિઓ બનાસ ડેરીના બાયો CNG પ્લાન્ટનાં અભ્યાસ અર્થે મુલાકાત કરીને પ્રેરણા મેળવી રહ્યાં છે.






## બનાસ બાયો CNG થી થતાં ફાયદાઓ




- બનાસ બાયો CNG બનાવવા માટે પશુપાલકો પાસેથી ખરીદાતા ગોબરનાં લીધે પશુપાલકોની આવક વધી છે.
- બાયો CNG બનાવવાની પ્રક્રિયામાં તૈયાર થતી લીક્વીડ ફોર્મનું ખાતર તેમજ ગોબરધન ખાતર થકી જમીનની ફળદ્રુપતા પણ વધી છે.
- જિલ્લામાં રાસાયણિક ખાતરોનો ઉપયોગ પણ ઓછો થયો.
- કુદરતી કૃષિ ઉત્પાદનને પણ પ્રોત્સાહન મળ્યું.
- ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા જળવાઈ રહી છે.
- આ પ્લાન્ટથી ખેડૂતોને કુદરતી તત્વોવાળું ઓર્ગોનિક ખાતર મળી રહે છે, જે ખુબ જ ફાયદો આપે છે.
- આ ઓર્ગોનિક ખાતર સીધું જ ખેડૂતોને વેચવામાં આવે છે.
- પશુપલાઓ ખેતી સાથે ગોબર વેચીને પૈસા કમાતા થયા છે.પ્રતિ કિલો રૂ.૧ અપાય છે.
- ખેડૂતો પાસેથી ખરાબ થઇ ગયેલા બટાકા ખરીદવામાં આવે છે, જે સામાન્યરીતે ફેંકી દેવામાં આવતા હોય છે.
- ગોબરના પૈસા મળતા લોકો ઢોરને છુટા મુકતા નથી અને ઢોરઢાંખરથી થતી મુશ્કેલીઓ દુર થઇ છે.

બાયો CNG એ ભારતનો અત્યંત ટકાઉ મોબિલીટી ફ્યુઅલ વિકલ્પ છે. તે ગ્લોબલ વોર્મીંગ ઘટાડવામાં અને પર્યાવરણ સંરક્ષણની દિશામાં નોંધપાત્ર અસરકારકતા દાખવી શકે તેમ છે. અમૂલ ક્લીન ફ્યુઅલ બાઈક રેલીનો ઉદ્દેશ ભારતના ડેરી ક્ષેત્રનુ પર્યાવરણલક્ષી પાસુ દર્શાવવાની સાથે સાથે વિશ્વના દૂધ ઉત્પાદનમાં સૌથી વધુ ટકાવારી સાથે યોગદાન આપવાનો છે ત્યારે બનાસ ડેરીએ આત્મનિર્ભર ભારતની યાત્રામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના હાથ વધુ મજબુત કરવા, ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ દોરવા અને બનાસકાંઠા જિલ્લાને પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે સ્વાવલંબી બનાવવા માટે 'ગોબરધન' પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લામાં ગોબરમાંથી બાયો CNG અને પ્રાકૃતિક ખાતર ઉત્પાદન કરતાં પ્લાન્ટ્સનું નિર્માણ કરવા માટે સુઝુકી મોટર કોર્પોરેશન, જાપાન અને નેશનલ ડેરી ડેવેલપમેન્ટ સાથે ટોક્યો, જાપાન ખાતે ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કરી પ્રગતિના પંથે એક મહત્વનું પગલું ભર્યું છે. ઉર્જા ક્ષેત્રમાં બનાસકાંઠાનાં ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં રાખીને આવનાર ભવિષ્યમાં બનાસ ડેરી ભુખલા (વડગામ), વીંછીવાડી (ધાનેરા), આગથળા (લાખણી), ખીમાણા (કાંકરેજ) ખાતે બનાસ બાયો CNG સ્ટેશન સ્થાપિત કરશે.




# કોલકાતા થી શરૂ થયેલી અમૂલ ક્લીન ફ્યુઅલ કાર રેલી બનાસ કાશી સંકુલ, વારાણસી ખાતે પહોંચી

દેશમાં પર્યાવરણની જાળવણી અને ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા તરફ વધતા પગલાંઓને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરાયેલી અમૂલ ક્લીન ફ્યુઅલ કાર રેલી ૨૫ નવેમ્બર ૨૦૨૪ ના રોજ વારાણસી સ્થિત બનાસ ડેરીના બનાસ કાશી સંકુલ ખાતે પહોંચી હતી. આ રેલી કોલકાતા થી શરૂ થઈ દેશના વિવિધ રાજ્યોમાં બાયોગેસની જરૂરિયાત અને મહત્વ સમજાવવા માટે એક પ્રેરણાદાયક યાત્રા બની છે.

આ પ્રસંગે બનારસ હિન્દુ યુનિવર્સિટીના ડિરેક્ટર ઓફ એન્વાયરમેન્ટલ એન્ડ સસ્ટેનેબિલિટી ડેવલોપમેન્ટ ડૉ. એ.એસ. રઘુવંશી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ડેરી ક્ષેત્રમાં સસ્ટેનેબિલિટી અને પર્યાવરણ સંરક્ષણ સંદર્ભે સવિસ્તાર ચર્ચા કરી. ડૉ. રઘુવંશી દ્વારા બનાસ ડેરી દ્વારા ઊર્જા ક્ષેત્રે કરવામાં આવેલા કાર્યને સરાહવામાં આવ્યું અને તેને સમગ્ર દેશમાં પ્રેરણારૂપ ગણાવ્યું.

બનાસ ડેરીએ ગ્રામ્ય વિસ્તારના પશુપાલકો માટે નવા માળખાઓ ઉભા કરીને આર્થિક સુધારો લાવવાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ડેરી દ્વારા બાયોગેસ અને રિન્યુએબલ એનર્જીનો ઉપયોગ કરવામાં આવતા એનર્જી માળખા વિકાસ માટે નોંધપાત્ર યોગદાન આપવામાં આવ્યું છે. આ પ્રયાસ માત્ર ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા લાવવા પૂરતું નથી, પરંતુ પશુપાલકોની આવકમાં પણ વધારો કરી તેમના જીવનસ્તર સુધારવા સહાયરૂપ બન્યું છે.

આ કાર રેલી દેશભરમાં ક્લીન એનર્જી અને બાયોગેસના વ્યાપક ઉપયોગ માટે જાગૃતિ લાવવા માટેની મહત્ત્વાકાંક્ષી પહેલ છે, જે સમગ્ર સામાજિક અને આર્થિક વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

સ્વચ્છ ઉર્જા તરફ આગળ વધવા માટે બનાસ ડેરીનું યોગદાન માત્ર પશુપાલન જ નહીં, પરંતુ દેશના પર્યાવરણની સુરક્ષા માટે પણ વિશિષ્ટ મહત્વ ધરાવે છે.



# 100 TPD ઓઈલ પ્લાન્ટ: ખેડૂતો માટે આવકનો વધુ એક સ્ત્રોત

ભારતના કૃષિ આધારિત અર્થતંત્રમાં હવે વધુ નવીનતાઓ જોડાઈ રહી છે. આવા જ એક પ્રયાસ તરીકે 100 TPD ક્ષમતા ધરાવતી કાચી ઘાણી તેલ મિલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જે ગ્રામ્ય વિસ્તારોના આર્થિક વિકાસમાં મહત્વનું યોગદાન આપશે. આ પ્રોજેક્ટ પરંપરાગત કાચી ઘાણી પ્રક્રિયા પર આધારિત છે, જે તેલના સ્વાદ અને પૌષ્ટિક મૂલ્ય જાળવવામાં ખ્યાતિ પ્રાપ્ત પદ્ધતિ છે.

## કામ કરવાની શ્રેષ્ઠતા

આ પ્રોજેક્ટની દરરોજ 100 મેટ્રિક ટન રાયડો અથવા મગફળી પ્રોસેસ કરવાની ક્ષમતા છે. આમાંથી દરરોજ 30 મેટ્રિક ટન શુદ્ધ તેલનું ઉત્પાદન થશે, જે પછી પેકિંગ માટે અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ પ્લાન્ટમાં મોકલવામાં આવશે.



## પરંપરા અને ટેક્નોલોજીનો સંગમ

કાચી ઘાણી પ્રક્રિયા દ્વારા તેલનું ઉત્પાદન કરવામાં આવશે, જે તેના પ્રાકૃતિક ગુણોને અખંડિત રાખે છે. આ પદ્ધતિએ યંત્રસહાયથી પૌષ્ટિક મૂલ્ય જાળવીને તેલનું ઉત્પાદન થાય છે, જે તેલના ગુણવત્તાવાળા સ્વાદ માટે પ્રખ્યાત છે.

## ખેડૂતો માટે આશીર્વાદ

આ પ્રોજેક્ટ માટે કાચા માલ તરીકે રાયડો અને મગફળી સ્થાનિક ખેડૂતો પાસેથી ખરીદવામાં આવશે. આ ન માત્ર ખેડૂત મિત્રો માટે નવા આવકસ્રોત ઉભા કરશે પરંતુ તેમની મહેનતનું યોગ્ય મૂલ્યાંકન કરી તેમને પ્રોત્સાહન પણ આપશે.

## રોકાણ અને રોજગાર

પ્રોજેક્ટમાં કુલ રૂ.50 કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે. જેના લીધે 150-200 લોકો માટે રોજગારની નવી તકો ઉભી થશે. પ્રોજેક્ટની પરિપ્રેક્ષ્યથી આ માત્ર એક ઉત્પાદન એકમ જ નહીં, પણ ગ્રામ્ય વિસ્તારો માટે આર્થિક વિકાસની મજબૂત કડી છે.

## પ્રારંભ અને ભાવિ દ્રષ્ટિકોણ

આ પ્રોજેક્ટ રાયડાની આગામી સિઝનથી કાર્યરત થશે, તે સમયે બજારમાં કાચા માલની ઉપલબ્ધતા ઉચ્ચતમ સ્તરે હશે. તેલના ગુણવત્તાયુક્ત ઉત્પાદન માટે નવીન ટેક્નોલોજી સાથે પરંપરાગત પદ્ધતિઓના સંગમથી, આ પ્રોજેક્ટ સ્થાનિક બજારમાં ખાસ સ્થાન મેળવશે.



## પ્રોજેક્ટનું ઉત્પાદન અને ક્ષમતા

**રોકાણ અને રોજગાર**

**રોકાણ:** પ્રોજેક્ટ માટે કુલ ₹50 કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે.

**રોજગાર:** આશરે 150-200 કર્મચારીઓ રાતદિવસ આ પ્રોજેક્ટ માટે મહેનત કરશે, જે સ્થાનિક અર્થતંત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

**પ્રોસેસિંગ ક્ષમતા:**

દરરોજ 100 મેટ્રિક ટન રાયડો અથવા મગફળી પ્રોસેસ થશે.

**શુદ્ધ તેલ ઉત્પાદન:**

દરરોજ 30 મેટ્રિક ટન શુદ્ધ તેલનું ઉત્પાદન કરવામાં આવશે.

**પેકિંગ સુવિધા:**

આ તેલને આધુનિક પેકિંગ સ્ટેશનમાં પેક કરીને ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવશે.

**કાચા માલની ખરીદી**

રાયડો અને મગફળી સંલગ્ન ખેડૂતો પાસેથી ખરીદાશે. આ પ્રોજેક્ટ દ્વારા ખેડૂતોને વધુ આવક અને આર્થિક લાભ મળશે.







## પ્રોજેક્ટના લાભો

**વિસ્તૃત પેકેજિંગ સુવિધા:** • નવી નોકરીઓનું સર્જન. • ખેડૂતો માટે વધારાની આવક.

**ગુણવત્તાયુક્ત તેલનું ઉત્પાદન:** • પરંપરાગત પદ્ધતિઓ દ્વારા પ્રાકૃતિક સ્વાદ અને ગુણવત્તા જાળવવી.

## વિસ્તૃત પેકેજિંગ સુવિધા:

ગ્રાહકો માટે શ્રેષ્ઠ ગુણવત્તાનું તેલ ઉપલબ્ધ કરવું.

આ પ્રોજેક્ટ માત્ર તેલ ઉત્પાદનમાં શ્રેષ્ઠ ગુણવત્તા લાવતો સાધન નથી, તે ખેડૂતો, કર્મચારીઓ અને સ્થાનિક સમુદાય માટે નવી તકો ખોલે છે. પરંપરા, ગુણવત્તા અને આર્થિક મજબૂતી સાથે, આ તેલ મિલ સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરે એક મોખરાનું ઉત્પાદન કેન્દ્ર બની રહેશે.

આ પ્રોજેક્ટ દ્વારા સ્થાનિક વિસ્તારના લોકોના જીવનમાં સુધારો કરવા સાથે ભારતીય કૃષિ અને ઉદ્યોગ ક્ષેત્રે એક નવી દિશા અપાય તેવી અપેક્ષા છે.

# મિલ્ક ડે!

દૂધને પૌષ્ટિક આહાર માનવામાં આવે છે. તે આપણું શરીર આરોગ્યમય અને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. દૂધમાં પ્રોટીન, કેલ્શિયમ, વિટામિન્સ અને મિનરલ્સ જેવા પોષક તત્ત્વો હોય છે, જે હાડકાં મજબૂત બનાવવા, દાંતના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક હોય છે અને શરીરના સ્નાયુઓના વિકાસ માટે જરૂરી છે.

બાળપણથી લઈને વૃદ્ધાવસ્થાએ દૂધ દરેક જીવન પ્રયોગ માટે ફાયદાકારક છે. બાળકો માટે તે વિઝડમ અને શક્તિ આપનારી વસ્તુ છે, જ્યારે વૃદ્ધોની હાડકાંની મજબૂતી માટે જીવનરક્ષક પદાર્થ છે. દૂધ માંથી તૈયાર થતી લસ્સી, છાસ, દહી અને ઘી જેવા પદાર્થો આપણા પાચનતંત્રને મજબૂત બનાવે છે.

દૂધ માત્ર પોષકતાની જ નહીં, પરંતુ ભારતીય સંસ્કૃતિમાં પણ મહત્વ ધરાવે છે. તે યજ્ઞ, પૂજા અને તહેવારોમાં પવિત્ર પ્રતીકરૂપે ઉપયોગ થાય છે.

આધુનિક જીવનશૈલીમાં સ્વસ્થ રહેવા માટે દરરોજ દૂધ પીવું અને તેની સાથે સંકળાયેલા અન્ય પદાર્થોને જીવનશૈલીમાં સામેલ કરવા એ વધુ સારી આરોગ્યમય પસંદગી છે.

"દૂધ એ પોષણનું ભંડાર છે, જે આરોગ્યમય જીવન માટે જરૂરી છે."





# દૂધના લીધે પશુપાલકો સમૃદ્ધ અને સશક્ત બન્યા

દૂધ ઉદ્યોગે માત્ર આરોગ્યમય જીવન જ નહીં, પરંતુ પશુપાલકોના જીવનમાં આર્થિક અને સામાજિક ક્રાંતિ લાવી છે. ભારતીય ડેરી ઉદ્યોગના વિકાસ સાથે, દેશના ગ્રામ્ય વિસ્તારોમાં પશુપાલકોને તેમની મેહનતનું ન્યાયસંગત મૂલ્ય મળ્યું છે, જેના કારણે તેમની આર્થિક સ્થિતિ સુધરી છે અને જીવનસ્તર ઉંચું થયું છે. દૂધના ઉત્પાદનથી શરૂ કરીને ઘી, પનીર, માવા, અને દહીં જેવા મૂલ્યવર્ધિત ઉત્પાદનોના વેચાણે પશુપાલકોને નફાકારક વ્યવસાય મળ્યો છે. દેશભરમાં સહકારી ડેરીઓના ઉદય સાથે પશુપાલકોને અનુકૂળ બજાર પ્રાપ્ત થયું છે, જેથી તેમના ઉત્પાદનોનો ન્યાયસંગત ભાવ મળી રહે છે.

દૂધ ઉત્પાદન સાથે ગૌસાર સંભાળ, ચારો વ્યવસ્થાપન અને પશુ આરોગ્ય અંગેની જાગૃતિ પણ વધી છે. આ બધાં પગલાંઓએ પશુપાલકોને વધુ સક્ષમ અને આત્મનિર્ભર બનાવ્યા છે. દૂધ ઉદ્યોગથી મળતી આવક દ્વારા પશુપાલકો તેમના પરિવારની જરૂરિયાતો પૂરી કરી શક્યા છે અને તેમના બાળકોના શિક્ષણ અને ભવિષ્ય માટે રોકાણ કરી શક્યા છે. ડેરી ક્ષેત્રે જોડાયેલું સાહિત્ય અને ટેક્નોલોજી પર આધારિત સહાય, જેમ કે બાયોગેસ પ્લાન્ટ્સ અને પૌષ્ટિક ચારો, પશુપાલકો માટે આર્થિક માળખાને વધુ મજબૂત બનાવે છે.

**"દૂધ એ માત્ર પોષણનું સાધન નથી, પરંતુ તે પશુપાલકો માટે સમૃદ્ધિ અને આર્થિક સશક્તિકરણનું પ્રતિક છે."**



# FAT અને SNF આધારિત દૂધના ભાવ ચૂકવવાની નવી પદ્ધતિ: પશુપાલકો માટે આર્થિક લાભ



ભારતીય દૂધ ઉદ્યોગ સતત પ્રગતિ કરે છે, અને તેમાં સમયાંતરે આવનારા નવા ફેરફારો પશુપાલકોને વધુ ન્યાયપૂર્ણ અને સારા ભાવ મળે તે માટે અપનાવવામાં આવ્યા છે. વર્ષ 2015 સુધી, મંડળીઓમાં ફક્ત FAT (ફેટ) આધારિત દૂધના ગુણવત્તા માટે ભાવ ચૂકવવામાં આવતો હતો. પરંતુ આ પદ્ધતિમાં SNF (સોલિડ નોટ ફેટ)ના મહત્વને અવગણવામાં આવતું હતું, જે દૂધની સમગ્ર ગુણવત્તામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## ફેટ અને SNF આધારિત નવું મૉડલ

વર્ષ 2015 પછી, બનાસ ડેરી દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણાયક ફેરફાર કરવામાં આવ્યો. હવે ફક્ત FAT આધારે નહીં, પણ FAT અને SNF બંનેને ધ્યાને લઈને પશુપાલકોને દૂધના ભાવ ચૂકવવામાં આવે છે. આ નવી પદ્ધતિ દ્વારા, SNFનું પ્રમાણ વધું હોય તો પશુપાલકોને તેનો લાભ મળે છે.

## પશુપાલકોને આર્થિક લાભ

**અગાઉની પદ્ધતિ મુજબ, જો ગાયના દૂધમાં SNF 8.5% કરતાં વધુ હોય તો પણ પશુપાલકને ફક્ત 8.5% માટે જ ભાવ મળતો હતો.**

**હવે SNF વધારે હોય તે પ્રમાણે પશુપાલકને વધારાનો ન્યાયસંગત ભાવ મળે છે.**

**આ સુધારા દ્વારા પશુપાલકોને દૂધના ગુણવત્તા અનુસાર યોગ્ય અને આર્થિક રીતે લાભદાયી ભાવ મળી રહ્યો છે.**



## મશીનો અને જાગૃતતા

ગૂણવત્તા તપાસ માટે ટેક્નોલોજીના વ્યાપક ઉપયોગમાં, બનાસકાંઠા અને રાજસ્થાનમાં આજ સુધી 5,670 ઈકો મિલ્ક-એનાલાઇઝર મશીનો સ્થાપિત કરવામાં આવ્યા છે.

**બનાસકાંઠા: 1,706 મંડળીઓ**

**રાજસ્થાન: 328 મંડળીઓ**

**આ મશીનોના ઉપયોગથી દૂધની ગુણવત્તા સુધારવામાં સહાય મળી છે અને FAT-SNF ની યોગ્ય ગણતરી શક્ય બની છે.**

## ગ્રાહકોમાં જાગૃતિ

આ પદ્ધતિએ મંડળીના સભ્યો અને ગ્રાહકો બંનેમાં દૂધની ગુણવત્તા પ્રત્યે જાગૃતતા વધારી છે. તેના પરિણામે, દૂધના સરેરાશ FAT અને SNF પ્રમાણમાં પણ સુધારો થયો છે.

## બનાસ ડેરીનું યોગદાન અને માર્ગદર્શન

આ બદલાવ માટે બનાસડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના દ્રઢ માર્ગદર્શન અને દૂધ મંડળીઓ સહકારથી સમગ્ર પ્રોજેક્ટ સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવ્યો છે.

**લક્ષ્ય: તમામ મંડળીઓ સાથે જોડાઈને લાખો પશુપાલકોને ગુણવત્તા આધારિત સારા ભાવ ઉપલબ્ધ કરાવવાનો.**

**આ પદ્ધતિએ માત્ર પશુપાલકો માટે નફાકારક સિદ્ધ થઈ છે નહીં, પરંતુ મંડળીઓના નફામાં પણ વધારો કર્યો છે.**

FAT અને SNF આધારિત દૂધના ભાવ ચૂકવવાની પદ્ધતિ દૂધ ઉદ્યોગમાં એક ક્રાંતિસભર પગલું છે. આ ટેક્નોલોજી આધારિત અને ગુણવત્તા કેન્દ્રિત પદ્ધતિએ દૂધ ઉદ્યોગને મજબૂતી સાથે આગળ વધાર્યુ છે, અને પશુપાલકો તેમજ મંડળીઓ બંને માટે આર્થિક લાભ પૂરો પાડ્યો છે. આ મોડેલ ગ્રામીણ આર્થિક વિકાસ માટે એક શ્રેષ્ઠ ઉદાહરણ છે.



# ડૉ. વર્ગીસ કુરિયન:
# શ્વેત ક્રાંતિના જનક

જ્યારે આપણે "અમૂલ" નું નામ સાંભળીએ છીએ, ત્યારે આપણા મનમાં વિશ્વસનીયતા, ગુણવત્તા અને સ્વાદના પ્રતીક તરીકે ઉદ્ભવ થાય છે. પરંતુ શું તમે જાણો છો કે આ બ્રાન્ડની પાછળનું ચમત્કારીય દ્રષ્ટિકોણ અને પ્રેરણાદાયી યાત્રા ડૉ. વર્ગીસ કુરિયનની છે? "મિલ્કમેન ઑફ ઈન્ડિયા" તરીકે પ્રસિદ્ધ આ મહાન વ્યક્તિએ ભારતને દૂધની અછતમાંથી મુક્ત કરી, તેને વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ બનાવી દીધું.

ડૉ. વર્ગીસ કુરિયનો જન્મ 26 નવેમ્બર, 1921 ના રોજ કેરળના કૉઝિકોડ માં એક સામાન્ય પરિવારમાં થયો હતો. નાનપણથી જ તેઓએ સાહસિક અને ક્રાંતિશીલ વિચારસરણી વિકસાવી હતી, જેના પરિણામે તેમણે માત્ર પોતાના જીવન માટે જ નહીં, પરંતુ દેશના ડેરી ઉદ્યોગને એક નવી દિશા આપવામાં સફળતા મેળવી. ડૉ. વર્ગીસ કુરિયનનું નેતૃત્વ એક યુગપ્રવર્તક સાબિત થયું. તેઓની પાસે કારકિર્દી માટે અનેક વિકલ્પો હતા, પરંતુ તેમણે નફાખોરીના માર્ગને છોડી, દેશના ગરીબ ખેડૂતો અને પશુપાલકોના હિત માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. શ્વેત ક્રાંતિ નો આરંભ તેમની આ જ દીર્ઘદ્રષ્ટિ અને નિષ્ઠાનું પ્રતિબિંબ છે.

## શ્વેત ક્રાંતિની શરુઆત :
## ડૉ. વર્ગીસ કુરિયનની યાત્રા

કુરિયન સાહેબની ક્રાંતિશીલ યાત્રા આણંદ, ગુજરાતથી શરૂ થાય છે, જ્યાં તેઓ ડેરી એન્જિનિયર તરીકે નિયુક્ત થયા હતા. તેમણે દૂધના ઉત્પાદન માટે ભેંસના દૂધને પ્રોત્સાહન આપવાની પહેલી પહેલ કરી. આ વિચાર તે સમયમાં નવીન અને વિજ્ઞાન આધારિત હતો. તેમની કામગીરીના પરિણામે ખેડા દૂધ ઉત્પાદક સંઘ નું અસ્તિત્વ આવ્યું અને શ્વેત ક્રાંતિનો બીજો સોપાન શરુ થયો. આજે, તેમના દ્રષ્ટિકોણ અને મહેનતના કારણે ભારત વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ બની શક્યો. ડૉ. કુરિયનનું જીવન એક પ્રેરણાદાયી કથા છે. તેઓએ માત્ર ગરીબ પશુપાલકો અને ખેડૂતોને મદદ કરી નહોતી, પરંતુ દેશના દૂધ ઉદ્યોગને વૈશ્વિક સ્તરે માન્યતા અપાવી હતી. અમૂલ જેવી સંસ્થાઓને સફળતા સુધી પહોંચાડવામાં તેમનું યોગદાન અદ્વિતીય છે.

## ઓપરેશન ફ્લડ: ભારતની ડેરી ઉદ્યોગમાં ક્રાંતિ

ડૉ. વર્ગીસ કુરિયને ઓપરેશન ફ્લડ નામના પ્રોગ્રામ દ્વારા દેશભરના લાખો ગરીબ પશુપાલકોને આર્થિક સ્વતંત્રતા અપાવી. આ કાર્યક્રમે ડેરી ઉદ્યોગને માત્ર વ્યવસાય જ બનાવ્યું નહીં, પરંતુ પશુપાલન અને ખેતી વચ્ચેનું જોડાણ મજબૂત બનાવ્યું. ૭૨,૦૦૦થી વધુ ગામડાઓ ના ખેડૂતોને સહકારી માળખા સાથે જોડીને તેમણે દૂધ ઉત્પાદનમાં નવો સૂર્યોદય ઉગાડ્યો.




## સંસ્થાઓની સ્થાપના અને વિઝન

કુરિયન સાહેબે તેમના જીવનકાળ દરમિયાન પ્રસિદ્ધ સંસ્થાઓની સ્થાપના કરી. ઈરમા (IRMA) અને નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) જેવી સંસ્થાઓ દ્વારા તેમણે ડેરી ઉદ્યોગને વૈશ્વિક મંચ પર આગેવાન બનાવ્યું. અમૂલ ના સુવિધાપૂર્ણ સંચાલન દ્વારા ખેડૂતોને ગરીબીમાંથી બહાર લાવવા માટે પાયાની યોજનાઓ અમલમાં મૂકી.

## અમૂલ: "ધ ટેસ્ટ ઓફ ઈન્ડિયા"

ડૉ. કુરિયનની મહેનત અને વિઝન દ્વારા અમૂલ માત્ર એક બ્રાન્ડ નહીં, પરંતુ દેશના વિકાસનું પ્રતિક બની ગયું છે. "અમૂલ દૂધ પીતા હે ઈન્ડિયા" જેવી ટેગલાઈન ભારતીય ઘરોમાં ગુંજી છે અને લોકોને પ્રેરણારૂપ બની છે.




## પ્રેરણાદાયી જીવન અને વારસો

ડૉ. વર્ગીસ કુરિયને અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કારો, જેમાં પદ્મ શ્રી અને પદ્મ વિભૂષણ સામેલ છે, પ્રાપ્ત કર્યા છે. તેમનું પુસ્તક "I Too Had a Dream" આજે પણ લાખો લોકોને પ્રેરણા આપે છે.





## નેશનલ મિલ્ક ડે

આજે, ભારતના ડેરી ઉદ્યોગમાં તેમના કારણે કરોડો પશુપાલકો આત્મનિર્ભર અને સમૃદ્ધ બન્યા છે. ડૉ. વર્ગીસ કુરિયનનું જીવન એક સાબિતી છે કે મહાન કામ કરવા માટે મહાન દિલ જોઈએ. નેશનલ મિલ્ક ડે એ માત્ર દૂધનું મહત્વ ઉજવવાનો દિવસ નથી, પરંતુ તે ડૉ. વર્ગીસ કુરિયન જેવા દ્રષ્ટાવાન નાયકોના કામને સલામ કરવાનો દિવસ છે. આ દિવસ ડેરી ઉદ્યોગ અને પશુપાલનના મહત્વને ઉજાગર કરે છે અને દૂધ ઉદ્યોગમાં તેમની ક્રાંતિશીલ યાત્રાને યાદ કરાવે છે.

દર વર્ષે ૨૬ નવેમ્બર એ દેશભરમાં નેશનલ મિલ્ક ડે તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ શ્વેત ક્રાંતિના જનક અને "ભારતના મિલ્કમેન" તરીકે પ્રસિદ્ધ ડૉ. વર્ગીસ કુરિયન ના અમૂલ્ય યોગદાનને શ્રદ્ધાંજલિ આપવા માટે ૨૦૧૪થી ઉજવવામાં આવે છે. બનાસ ડેરીએ ડૉ. વર્ગીસ કુરિયનજીનાં જન્મદિવસની ઉજવણી કરી હતી અને આ મહાન નાયકને યાદ કરીતેમણે આપેલા મર્મપૂર્ણ વિઝનને આગળ વધારવા અને દેશના દરેક ખૂણામાં આત્મનિર્ભરતા લાવવાનું સ્વપ્ન સાકાર કરવા બનાસ ડેરીનાં અધિકારીશ્રીઓ સહીત કર્મચારીઓ સંકલ્પબદ્ધ બન્યા હતા.

નમન છે ડૉ. વર્ગીસ કુરિયનની દ્રષ્ટિ, કાર્ય અને વારસાને!

# બનાસ સૈનિક સ્કૂલ :
# શિક્ષણ અને શિસ્તબદ્ધ વિકાસનું અદ્ભુત પાયાનું કેન્દ્ર

બનાસ સૈનિક સ્કૂલ એવી પ્રતિષ્ઠિત શાળા છે, જે ભારતીય રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સાથે જોડાયેલી સૈનિક તાલીમ અને શૈક્ષણિક શ્રેષ્ઠતા માટે પ્રખ્યાત છે. આ શાળાની સ્થાપના બનાસ ડેરી દ્વારા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની પ્રેરણાથી અને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શનમાં તા. 01 ઓગસ્ટ, 2023ના રોજ મોરિયા, બનાસકાંઠામાં કરવામાં આવી હતી.

## પીએમ મોદી સાહેબ પાસેથી મળી સૈનિક શાળા શરૂ કરવાની પ્રેરણા

આ સૈનિક શાળા શરૂ કરવાની પ્રેરણા આપણા દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ પાસેથી મળી હતી. તમને જણાવી દઈએ કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી નાનપણમાં સૈનિક સ્કૂલમાં ભણવા માંગતા હતા, તેમણે સૈનિક સ્કૂલમાં ફી પણ જમા કરાવી હતી, પરંતુ ઘરની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે તેઓ પોતાનું સ્વપ્ન પુરી કરી શક્યા નહિ. ત્યારે તેઓ 14 વર્ષના હતા. તેમનું પોતાનું સપનું પૂરું ન થયું પરંતુ વડાપ્રધાન બન્યા બાદ તેમણે લાખો બાળકોના દેશની સેવા કરવાના સ્વપ્નને સાકાર કરવા દેશમાં ૧૦૦ સૈનિક શાળાઓનું નિર્માણ કરવાનો નિર્ણય કર્યો. જે અંતર્ગત સંરક્ષણ મંત્રાલયે એન.જી.ઓ/ખાનગી શાળાઓ/રાજ્ય સરકારો સાથે ભાગીદારીમાં ૨૧ નવી સૈનિક શાળાઓની સ્થાપનાને મંજૂરી આપી હતી. બનાસ ડેરી અને ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બનાવવામાં આવેલ બનાસ સૈનિક શાળા પણ તે ૨૧ લશ્કરી શાળાઓમાંની એક છે.

બનાસ સૈનિક સ્કૂલ ઉત્તમ ગુણવત્તાયુક્ત શાળાકીય શિક્ષણ પ્રદાન કરનારી સૈનિક સ્કૂલ પૈકી નામાંકિત સંસ્થાઓમાંની એક અગ્રેસર શાળા છે. જેમાં વિદ્યાર્થીઓને સૈનિક તાલીમ સહિત ઉજ્જવળ કારકિર્દી સંદર્ભેનું શિક્ષણ આપવામાં આવે છે. બનાસ ડેરીએ સહકારી રીતે સંચાલિત બનાસ સૈનિક શાળાની સ્થાપના કરી છે. બનાસ સૈનિક સ્કૂલ દેશના વિવિધ વિસ્તારો અને બનાસકાંઠા જિલ્લાના બાળકોને ઉત્તમ શિક્ષણ અને સર્વાંગી વિકાસ આપીને રાષ્ટ્રના સુરક્ષા દળ અને અન્ય રોજગાર માટે તૈયાર કરે છે. ઉલ્લેખનીય છે કે બનાસ મેડિકલ કોલેજના કેમ્પસમાં છેલ્લા કેટલાક સમયથી સૈનિક સ્કૂલ શરૂ કરવામાં આવી છે. સૈનિક સ્કૂલ માટે પાલનપુર તાલુકાની આજુબાજુમાં એક જગ્યા ખરીદવામાં આવી છે, જ્યાં ભવ્ય અને અદભૂત સૈનિક સ્કૂલના નિર્માણ કાર્યનું આયોજન કરવામાં આવ્યું છે. સૈનિક શાળાઓ પ્રતિષ્ઠિત સંસ્થાઓ છે જેનો હેતુ સશસ્ત્ર દળોમાં કારકિર્દી માટે યુવાનોને તૈયાર કરવાનો છે. આ શાળાઓ શિસ્ત, શારીરિક તંદુરસ્તી અને ચારિત્ર્ય વિકાસ પર ભાર મૂકીને સર્વગ્રાહી શિક્ષણ પ્રદાન કરે છે.






**સૈનિક શાળા શરૂ કરવા પાછળનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અનુરૂપ ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા અને સશસ્ત્ર દળોમાં જોડાવા સહિતની અન્ય કારકિર્દીની વધુ સારી તકો પૂરી પાડવાનો છે.**

**બનાસ ડેરી બનાસ સૈનિક સ્કૂલને ભારતની પ્રતિષ્ઠિત સૈનિક શાળામાની એક બનાવશે, જે ખાસ કરીને ગ્રામીણ લોકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ સેવા પૂરી પાડશે અને તેમના શરીર, મન, ચારિત્ર્યનો રાષ્ટ્રીય ભાવના, અદમ્ય સાહસનો વિકાસ કરશે.**



## બનાસ સૈનિક સ્કૂલ

એ અનોખું ઉદાહરણ છે કે જે શૈક્ષણિક શ્રેષ્ઠતા, શારીરિક તાલીમ, અને નૈતિક મૂલ્યોના સંવર્ધન માટે રચાયેલ છે. હાલમાં શાળામાં ૧૫૯ વિદ્યાર્થીઓ ધોરણ-૬ અને ૭માં અભ્યાસ કરી રહ્યા છે. શિક્ષકો ટેકનોલોજી અને નવીન વિચારધારાના ઉપયોગથી બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ પ્રદાન કરી રહ્યા છે. વિદ્યાર્થીઓ કેમ્પસમાં રહીને સીબીએસઇ અભ્યાસક્રમ સાથે ફિઝિકલ ટ્રેનિંગ મેળવીને સર્વાંગી વિકાસ માટે તૈયારી કરી રહ્યા છે. દેશના વિવિધ રાજ્યોમાંથી વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ માટે આવે છે, જે આ શાળાને રાષ્ટ્રીય એકતાનું અનોખું મંચ બનાવી આપે છે. શાળાના પ્રથમ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૭ના ૧૦૦% પરિણામો તેની શ્રેષ્ઠ શિક્ષણ પદ્ધતિઓનું પ્રમાણ આપે છે.

## વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ

હાલમાં શાળામાં ૧૫૯ વિદ્યાર્થીઓ ધોરણ-૬ અને ૭માં અભ્યાસ કરી રહ્યા છે. શિક્ષકો ટેકનોલોજી અને નવીન વિચારધારાના ઉપયોગથી બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ પ્રદાન કરી રહ્યા છે. બાળકોના શારીરિક વિકાસ માટે નિષ્ણાત પી.ટી. શિક્ષકો દ્વારા સવારે ફિઝિકલ ટ્રેનિંગ અને રમતોમાં રસ જાગે તે માટે વિશેષ તાલીમ આપવામાં આવે છે.

## રમતગમતમાં અનોખી તૈયારી

ખેલ મહાકુંભ જેવી સ્પર્ધાઓ માટે વિદ્યાર્થીઓમાં જુસ્સો છે. વર્તમાન તબક્કામાં શાળા વિશેષ કોચિંગ દ્વારા બાળકોને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે તૈયાર કરી રહી છે.



## વિશ્વસ્તરીય પ્રવૃત્તિઓ અને ક્લબો

બનાસ સૈનિક સ્કૂલમાં શૈક્ષણિક કાર્યો ઉપરાંત બાળકો માટે વિવિધ ક્લબોની રચના કરવામાં આવી છે. આમાં આર્ટ અને ક્રાફ્ટ, સંગીત, ડાન્સ, ડ્રામા, સ્પોકન ઇંગ્લિશ, પર્સનાલિટી ડેવલપમેન્ટ, અને ફાયર ફાઇટિંગ જેવી પ્રવૃત્તિઓ સામેલ છે. વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષા અને સંસ્કૃતિનો પરિચય આપવામાં આવે છે, જેથી તેઓ રાજ્યના ઐતિહાસિક મૂલ્યને સમજી શકે.

## સૈનિક શાળાનો પ્રચાર અને પ્રવેશ તૈયારી

શાળાના પ્રવેશ માટે જિલ્લાના ૧૬ તાલુકાઓમાં પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે. સેન્ટ્રલ લેવલ પ્રવેશ પરીક્ષા માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શનરૂપ વિડિયોઝ મોકલવામાં આવી રહ્યા છે, જેથી બાળકોને અભ્યાસક્રમ અંગે સંપૂર્ણ માહિતી મળી શકે.

## કક્ષાના નિરીક્ષણ હેઠળ શાળાનું સંચાલન

શાળાનો સંચાલન કાર્ય ભારતીય સેનાના નિવૃત્ત કર્નલ સતીશ વત્સ સાહેબ, જે શાળાના નિયામક તરીકે કાર્યરત છે, તેમની કડક શિસ્ત અને વ્યવસ્થાપન કુશળતામાં ચાલી રહ્યું છે.



## ભવિષ્ય માટેની દ્રષ્ટિ

વર્તમાનમાં શાળા મોરિયા ખાતે કાર્યરત છે, પરંતુ ભવિષ્યમાં નવું ભવ્ય કેમ્પસ તૈયાર થયા બાદ તે ત્યાં સ્થાનાંતરિત થશે. બનાસ સૈનિક સ્કૂલ માત્ર એક શૈક્ષણિક સંસ્થા નથી, તે વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રસેવા અને નૈતિક મૂલ્યોને સમજતા શિકારી તરીકે ઉભરવાનું મંચ છે.

## મોદીજીએ યુવાનોને શિક્ષણ માટે પ્રોત્સાહિત કર્યા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારની નવી શિક્ષણ નીતિ અંતર્ગત આધુનિક શિક્ષણની સાથે વિદ્યાર્થીઓ માટે રોજગારીની તકો ઊભી કરવાનો ઉદ્દેશ્ય છે. કેન્દ્ર સરકાર છેલ્લા કેટલાક સમયથી નવી શિક્ષણ નીતિ પર કામ કરી રહી છે. શિક્ષણ નીતિનો પાયો એવી રીતે નાખવામાં આવ્યો છે કે વિદ્યાર્થીઓના ભાવિ રોજગારની સંભાવનાઓ માટેનો માર્ગ આપોઆપ તૈયાર થઈ જાય. વિદ્યાર્થીઓને પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ એ રીતે પૂરું પાડવું જોઈએ કે આધુનિક શિક્ષણની સાથે વિદ્યાર્થીઓને દેશના સંરક્ષણ સંબંધિત ક્ષેત્રોમાં સરળતાથી નોકરીઓ મળી શકે અને તેમની લાયકાતના આધારે તેમને નોકરી મેળવવામાં કોઈ મુશ્કેલી ન પડે. ભારતીય સેના અથવા પેરા મિલિટરી ફોર્સ વગેરે શક્ય છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી વારંવાર મન કી બાત અથવા તેમના ભાષણો દ્વારા યુવાનો અને યુવતીઓને સંબોધિત કરે છે અને યુવાનોને દેશના સંરક્ષણ ક્ષેત્ર, વિજ્ઞાન ક્ષેત્ર, આધુનિક શિક્ષણ તેમજ તેની સંસ્કૃતિ અને ઈતિહાસનો અભ્યાસ કરવા આગ્રહ કરે છે, જેના થકી આપણા દેશની સંસ્કૃતિ પર ગર્વની સાથે આજનું આધુનિક શિક્ષણ પણ શીખવી શકાય છે.





## સૈનિક શાળાનો ઉદ્દેશ

બનાસ ડેરી દ્વારા નિર્મિત આ સૈનિક શાળાની સ્થાપનાનો ઉદેશ્ય વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અનુરૂપ ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા અને સશસ્ત્ર દળોમાં જોડાવા સહિતની કારકિર્દીની વધુ સારી તકો પૂરી પાડવાનો છે. આજના યુવાનોને આવતીકાલના જવાબદાર નાગરિકો બનવા માટે તૈયાર કરીને રાષ્ટ્ર નિર્માણ તરફ સરકાર સાથે મળીને કામ કરવાની તક પણ પૂરી પાડે છે. જ્યારે બનાસ સૈનિક સ્કૂલ બાળકો આવ્યા ત્યારે મોટા ભાગના કિસ્સામાં તેમનું શિક્ષણ ધોરણ ખૂબ જ નીચું હતું, પરંતુ આજે સૈનિક શાળાના વિદ્યાર્થીઓ બધીજ રીતે પરિપક્વ બની ગયા છે. પીટી અને વિવિધ રમતો દરમિયાન સંતુલિત અને સર્વગ્રાહી વિકાસ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી અને સારા ધોરણો હાંસલ કરી શક્યા છે. તેઓ સમય જતાં નોંધપાત્ર રીતે પ્રગતી કરી છે. આ સાથે સ્વ-શિસ્ત, સમયની પાબંદી, એકસમાન, જવાબદાર આચરણ અને ઉચ્ચ નૈતિક મૂલ્યો આત્મસાત કરવામાં આવી રહ્યા છે. મોટાભાગના બાળકો પ્રવેશ સમયે એક ભાષાથી અવગત હતા. ૬૦ ટકા વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષામાં કમ્ફર્ટેબલ ન હતા. ૫ હિન્દી અને ૭૭ ગુજરાતી જાણતા ન હતા. આજે બધા હિન્દી જાણે છે. અંગ્રેજી બોલવામાં ઘણો સુધારો થયો છે, જે દરેક વિષયમાં જોવા મળે છે કારણ કે તેમના શિક્ષણનું માધ્યમ અંગ્રેજી છે. ગુજરાતી નિબંધો લખવા અને નાટકો કરવા એ તેમના માટે આજે સરળ કાર્ય છે.

અહીં બાળકોમાં સ્વરક્ષણ કૌશલ્ય પણ વિકસાવવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓએ અહિયા રહીને તમામ સંસ્કૃતિઓમાંથી ઘણું શીખ્યું છે, વિવિધ વાનગીઓ ખાધી છે અને હિન્દી, ગણિત અને GK જેવા વિવિધ ક્ષેત્રોમાં શૈક્ષણિક શક્તિ પ્રાપ્ત કરી છે. આ સાંસ્કૃતિક શક્તિ આડકતરી રીતે અન્ય વિદ્યાર્થીઓ સુધી પહોંચી રહી છે. બાળકોને પસંદગીયુક્ત રીતે એક્સપોઝરમાં ઉજાગર કરવા અને તેમને વિકાસના મુખ્ય ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવા સક્ષમ બન્યા છે, તેઓ વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાવવા તેમજ ભાષા અને વિષયો શીખવા માટે સક્ષમ બની રહ્યાં છે.

## ભવિષ્ય ની યોજનાઓ

બનાસ ડેરી બનાસ સૈનિક સ્કૂલને ભારતની પ્રતિષ્ઠિત સૈનિક સ્કૂલ બનાવવાની સાથે ગ્રામીણ જનતાના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ સેવા પૂરી પાડી શકે અને તેમના શરીર, મન, ચારિત્ર્ય સાથે રાષ્ટ્રીય ભાવના, અદમ્ય હિંમતની ભાવનાનો વિકાસ કરી શકે તેવી શાળા બનાવવા કટીબદ્ધ છે. નાગરિકો સાથે રુટ અને મુખ્યત્વે સંરક્ષણ સેવાઓ માટે ગણવેશમાં બહાદુર નાગરિકો ઉત્પન્ન કરવાનો હેતુ છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ સૈનિક શાળાના વાર્ષિક ઉત્સવમાં ઉપસ્થિત રહીને કહ્યું હતું કે રાષ્ટ્રના હિતમાં કામ કરતાં હું ગર્વ અનુભવું છું. બનાસ સૈનિક શાળામાં અભ્યાસ કરતાં બાળકો પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવશે અને રાષ્ટ્રની સેવામાં અમૂલ્ય યોગદાન આપશે અને સાથે સાથે અહી અભ્યાસ કરતાં ઘણા બાળકો તો ભવિષ્યમાં દેશની રક્ષા કરતાં જોવા મળશે. બાળકોને વધુ સારા નાગરિકો, શિક્ષિત યુવાનો, શિસ્તબદ્ધ, શારીરિક તંદુરસ્તી અને દેશની સુરક્ષા માટે સૈનિકો તરીકે વિકસાવવા માટે સોનિક સ્કૂલમાં મોકલવા બદલ વાલીઓ, બનાસ ડેરી સહીત કર્મચારીઓનાં પુરુષાર્થને બિરદાવ્યો હતો.

